# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 27-05-2026** **EVENING: 7.10 TO 7.20 PM**
**Day: WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

*****************************************************

1) **વિકાસકાર્યોમાં થતા વિલંબને ટાળવા માટે નવી SOP બનાવાશે.**
2) **વસ્તી ગણતરી 2027 અંતર્ગત સ્વ-ગણતરી ઝુંબેશમાં અત્યાર સુધી બે લાખ 36 હજારથી વધુ નાગરીકો સહભાગી થયા.**
3) **કચ્છના મુદ્રા બંદર નજીક એક જહાજમાંથી 1100 કરોડ રૂપિયાથી વધુની કિંમતનો માદક પદાર્થ પકડાયો.**
4) **IITE ગાંધીનગર AIના શિક્ષક તૈયાર કરતી દેશની પ્રથમ યુનિવર્સિટી બનશે.**
5) **મહેસાણાની દૂધસાગર ડેરીએ દૂધના ખરીદ ભાવમાં 25 રૂપિયાનો વધારો કર્યો.**
6) **IPL ક્રિકેટમાં, આજે સનરાઇઝર્સ હૈદરાબાદ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે ખરાખરીનો મુકાબલો.**

……………………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# CABINET SOP

વિકાસકાર્યોમાં થતા વિલંબને ટાળવા માટે નવી SOP બનાવાશે. આજે ગાંધીનગર ખાતે યોજાયેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ નિર્દેશ આપ્યો. બેઠકમાં લેવાયેલા નિર્ણયો અંગે માહિતી આપતા પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું, પ્રોજેક્ટ્સ મંજૂર થયા બાદ જમીન સંપાદન અને વન વિભાગ સહિતના વિવિધ વિભાગોની NOC જેવી મંજૂરીઓ સત્વરે મળી જાય તે અત્યંત જરૂરી છે. રાજ્યમાં પ્રી-મોન્સૂન કામગીરી ઝડપથી પૂર્ણ કરવા પણ મુખ્યમંત્રીએ સૂચના આપી હોવાનું શ્રી વાઘાણીએ ઉમેર્યું.

**(BYTE: JITU VAGHANI PRE MONSOON)**

શ્રી વાઘાણીએ કહ્યું, ગામ, તાલુકા અને જિલ્લા પંચાયત સ્તરે સ્વચ્છતા માટે એક અલગથી ખર્ચ શ્રેણી ઊભી કરાશે.

**(BYTE: JITU VAGHANI SWATHA HI SEVA)**

# SELF ENUMERATION

રાજ્યભરમાં વસ્તી ગણતરી 2027 અંતર્ગત ચાલી રહેલી સ્વ-ગણતરી ઝુંબેશને બહોળો પ્રતિસાદ મળી રહ્યો છે. અત્યાર સુધીમાં રાજ્યપાલ, મુખ્યમંત્રી સહિત અંદાજે બે લાખ 36 હજારથી વધુ મહાનુભાવો-નાગરીકો આ ઝુંબેશમાં સહભાગી થયા. જેમાં મુખ્યત્વે અમદાવાદમાં સૌથી વધુ 42 હજારથી વધુ જ્યારે સુરતમાં 22 હજાર, વડોદરા અને આણંદમાં 16-16 હજાર, રાજકોટમાં 14 હજાર, મહેસાણામાં 11 હજારથી વધુ નાગરિકો સ્વ-ગણતરીમાં જોડાયા છે. ત્યારે આ ઝુંબેશમાં વધુમાં વધુ નાગરિકોને સહભાગી થવા વસ્તી ગણતરી નિયામક સુજલ મયાત્રાએ અનુરોધ કર્યો છે.

# PRAFUL EBOLA

વડોદરામાં ઈબોલા વાયરસના શંકાસ્પદ કેસ અંગે આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરીયાએ સ્પષ્ટતા કરી છે. તેમણે કહ્યું આફ્રિકાથી આવેલા એક વ્યક્તિને સાવચેતીના ભાગરૂપે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો છે હજુ સુધી ઈબોલા વાયરસની પુષ્ટિ થઈ નથી.

**(BYTE: PRAFUL PANSHERIYA, MINISTER OF STATE FOR HEALTH)**

# AHM ISOLATION

ઇબોલા વાઇરસ ગ્રસ્ત આફ્રિકન દેશોમાંથી અમદાવાદ આવેલા 11 દર્દીઓને તેમના ઘરે હોમ આઈસોલેશનમાં રાખવામાં આવ્યા છે. આ દર્દીઓ પશ્ચિમ વિસ્તારમાં રહે છે. જોકે કોઈપણ વ્યક્તિમાં ઈબોલાના લક્ષણો જણાયા નથી કે તેઓ પોઝિટિવ દર્દીના સંપર્કમાં પણ આવ્યા નથી. બીજી તરફ મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા ઇબોલા વાઇરસનાં પગલે તૈયારીઓ કરવામાં આવી છે. એસવીપી હોસ્પિટલમાં દર્દીઓને ક્વોરેન્ટાઇન રાખવા માટે અલગથી 30 પથારીનો વોર્ડ તૈયાર કરાયો છે.

# KUTCH DRUGS

કચ્છ જિલ્લાના દરિયાકાંઠે ફરી એકવાર મોટા પ્રમાણ માદક પદાર્થનો જથ્થો જપ્ત કરાયો છે. મુદ્રા બંદર તરફ આવી રહેલા એક જહાજમાંથી 1100 કરોડ રૂપિયાથી વધુની કિંમતનો માદક પદાર્થ પકડાયો છે. આ અંગે રાજ્યના પોલીસ વડા ડૉક્ટર કે એલ એન રાવે વધુ માહિતી આપતા જણાવ્યું કે ગુજરાત આતંકવાદ વિરોધી ટુકડી-ATS અને તટ રક્ષકે સંયુક્ત ઓપરેશન હાથ ધરી માદક પદાર્થના કુલ 115 પેકેટ કર્યા. આ મામલે તપાસ ટીમે કુલ ત્રણ લોકોને ઝડપી પૂછપરછ શરૂ કરી છે.

(BYTE: K.L.N RAO, DGP)

# CHHOTA UDEPUR SOG

છોટાઉદેપુરના કોલીયાથોર ગામેથી 78 લાખ રૂપિયાની કિંમતનો માદક પદાર્થ પકડાયો છે. SOG પોલીસને તપાસ દરમિયાન ગામના એક ખેતરમાંથી વનસ્પતિ જન્ય માદકપદાર્થના 508 છોડ મળી આવ્યા હતા આ કાર્યવાહીમાં એક શખ્સની ધરપકડ કરવામાં આવી હોવાનું જિલ્લા પોલીસ વડા ઇમ્તિયાઝ શેખે જણાવ્યું.

(BYTE: IMTIAZ SHEIKH, SP)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

**DESK**

# IITE GANDHINAGAR NEW UNIVERSITY

ગાંધીનગર માં ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશને(IITE) નવી 7 યુનિવર્સિટી સ્કૂલ્સની સ્થાપના કરી છે. વર્ષ 2010માં સ્થપાયેલી આ સંસ્થા હવે "યુનિવર્સિટી ઓફ નેશનલ ઇમ્પોર્ટન્સ" અને મલ્ટિડિસિપ્લિનરી (બહુવિદ્યાશાખાકીય) એકેડેમિક મોડલ બની ગઈ છે.

ડિરેક્ટર ડૉ. મેહુલ દવેએ જણાવ્યું કે AI ના એડ્યુકેટર્સ તૈયાર કરતી IITE ભારત ની પ્રથમ યુનિવર્સિટી બનશે. રાજ્ય સરકારે IITEના  નવા બિલ્ડિંગ અને હોસ્ટેલ માટે 127 કરોડ રૂ ની ગ્રાન્ટ ફાળવી  છે. જેમાં સરકારી શિક્ષકો ઉપરાંત કમ્પ્યુટર, જીમ, થિયેટર, પ્રોફેસર અને કોચિંગ ક્ષેત્રના મેન્ટર્સ તેમજ સાયન્સ, ભાષા, સોશિયલ સાયન્સ અને ફિઝિકલ એજ્યુકેશન જેવા વિષયોમાં રાખવામા આવ્યા છે.

નવી નીતિ અનુસાર હવે વિજ્ઞાન પ્રવાહનો કોઈ વિદ્યાર્થી પોતાની રુચિ અનુસાર AI કે ફિલોસોફી (તત્વજ્ઞાન) જેવા વિષયો વૈકલ્પિક વિષય તરીકે રીતે પસંદ કરી શકશે.

# MEHSANA DUDHSAGAR

મહેસાણા જિલ્લાની દૂધસાગર ડેરીએ દૂધના ખરીદ ભાવમાં 25 રૂપિયાનો વધારો કર્યો છે. ડેરીના અધ્યક્ષ અશોક ચૌધરી શાસિત નિયામક મંડળે આ વધારો કર્યા બાદ દૂધનો ભાવ પ્રતિ કિલોફેટ 830થી વધીને 855 રૂપિયા થયો છે. અન્ય એક મહત્વના નિર્ણય અનુસાર દૂધસાગર ડેરી દૂધ ઉત્પાદકોને હવે ફેટની સાથે SNF એટલે કે ફેટ વિનાના દૂધના પણ અલગથી પૈસા ચૂકવશે. દૂધ ઉત્પાદકોને ફેટ અને SNFના આધારે પૈસા આપનાર દૂધસાગર ડેરી રાજ્યની પ્રથમ ડેરી બનશે. આ મહત્વના નિર્ણયોને પગલે દૂધ ઉત્પાદકોને વાર્ષિક 100 કરોડ રૂપિયાથી પણ વધુનો ફાયદો થશે.

# PM AWAS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સરકારને 12 વર્ષ પૂર્ણ થયા છે ત્યારે તેમની સરકારમાં સમાજના દરેક વર્ગ માટે અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી જેનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચી રહ્યો છે આવી જ એક યોજના છે પ્રધાનમંત્રી આવાસ યોજના. મોરબીમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થી જીજ્ઞેશ પંડ્યાએ મોદી સરકારનો આભાર માન્યો.

**(BYTE: JIGNESH PANDYA – BENEFICIARY, PRADHAN MANTRI AWAS YOJANA)**

# WEATHER

રાજ્યમાં આગામી બે દિવસ ગરમીનું જોર યથાવત રહેશે જોકે ત્યારબાદ તાપમાનમાં બેથી ચાર ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર દરિયાકાંઠા વિસ્તારો ઉપરાંત અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, સુરેન્દ્રનગર અને રાજકોટમાં ગરમ અને ભેજવાળું વાતાવરણ રહેવાની સંભાવના છે. જ્યારે આગામી દિવસોમાં રાજ્યમાં વરસાદની પણ શક્યતા હોવાનું હવામાન વિભાગના નિયામક ડૉ.એ.કે.દાસે જણાવ્યું.

**(BYTE: DR. A.K. DAS, DIRECTOR)**

# IPL-CRICKET

IPL ક્રિકેટમાં, મોહાલીના ન્યુ ચંદીગઢ ખાતે આજે એલિમિનેટર મેચમાં સનરાઇઝર્સ હૈદરાબાદ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે ખરાખરીનો મુકાબલો રમાશે. આ મેચ હમણાં સાડા સાત વાગ્યે શરૂ થશે. સનરાઇઝર્સ હૈદરાબાદે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો છે.

**આજની મેચની વિજેતા ટીમ ફાઇનલમાં સ્થાન મેળવવા માટે શુક્રવારે બીજી ક્વોલિફાયર મેચમાં ગુજરાત ટાઇટન્સ સામે ટકરાશે.**